R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૯

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 24•ISSUE: 03 DATE: 18-01-2020•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## CAA ના વિરોધમાં મુંબઇથી દિલ્હી સુધી ૨૧ દિવસની ગાંધી શાંતિયાત્રા શરુ

નાગરિકતા સુધારા કાયદાના વિરોધમાં પુર્વ કેન્દ્રીયમંત્રી યશવંત સિંહાના નેતૃત્વમાં મુંબઈથી દલ્હી ૨૧ દિવસની ૩૦૦૦ કી.મી.ની લાંબી ગાંધી શાંતિ યાત્રાનો મુંબઇ ગેટવે ઓફ ઈન્ડીયાથી પ્રારંભ કરાયો હતો. રાષ્ટ્રવાદી કોગ્રેસના અધ્યક્ષ શરદ પવારે આ યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.૩૦ જાન્યુઆરીએ રાજઘાટ ખાતે આ યાત્રા સમાપ્ત થશે. આ યાત્રા ભાજપ શાસિત ગુજરાત,હરિયાણા અને ઉત્તરપ્રદેશ સહિત ૬ રાજયોમાંથી પસાર થશે

આ પ્રસંગે શરદ પવારે કહ્યુ હતું કે ભારત સરકાર દ્વારા લેવાઈ રહેલા પગલાં દેશની એકતા સામે ધમકીરુપ છે. લઘુમતીઓના ઘણા સમુદાયો એ પુરવાર કરવાની ક્ષમતા ધરાવતા નથી કે તેઓ કયાંથી આવ્યા છે.અથવા તો તેએ કેટલા સમયથી ભારતમાં વસવાટ કરે છે.

## ટ્રેનોના રિઝર્વેશન ચાર્ટ બની ગયા પછી ઓનલાઇન મુકાશેઃ ચાર્ટમાં ખાલી દેખાતી સીટ બુક કરી શકાશે

રેલવેએ મુસાફરો માટે નવી સુવિધાનો આરંભ કર્યો છે. જો તમે રેલ યાત્રા દરમિયાન કન્ફર્મેશન ટિકિટને લઈને ચિંતિત રહો છો તો રેલવે એ મોટી રાહત આપી છે. ભારતીય રેલવેએ રિઝર્વેશન ચાર્ટ ઓનલાઈન દેખાડવાનો શરુ કર્યો છે. મુસાફરો હવે રિઝર્વેશન ચાર્ટ બન્યા પછી ખાલી, બુકડ અને આંશિક રુપથી બુકડ બર્થની જાણકારી આ થકી મળી શકશે.

રેલવે મંત્રી પિયુષ ગોએલે ટ્વીટ કરીને કહ્યુ કે પરેશાની વગર રેલવે યાત્રીઓ હવે ફકત એક કલીક પર ચાર્ટ બન્યા બાદ ખાલી બુકડ અને આંશિક રીતે બુકડ સીટોની જાણકારી મેળવી શકાશે.

આ ચાર્ટ બન્યા બાદ ટ્રેનમાં કોઈ સીટ ખાલી છે કે નહી તે અંગે યાત્રીઓને જાણકારી મળી શકશે.પહેલા રિઝર્વેશન ચાર્ટ ટ્રેન ખુલ્યાના ૪ કલાક પહેલા ઓનલાઈન દેખી શકાશે. જ્યારે દ્રીતીય ચાર્ટને ટ્રેન ઉપડ્યાના અડધા કલાક પહેલાં દેખી શકાશે. બીજા ચાર્ટમાં સીટોની ફાળવણીના ફેરફારને અપડેટ કરાશે.સામાન્ય જનતા માટે હજુ વધુ સુધારાની જરુર છે. જનરલ ડબ્બાઓમાં વધારો કરવાની જરુર છે. માત્ર તવંગર લોકો માટે સવલતો અને ગરીબો માટે હજુ પણ ફાંફા છે.

## આર્થિક તંગી સામે ઝઝુમતી કેન્દ્ર સરકારનો ખર્ચમાં ૨૦ટકાનો કાપ મુકવાનો નિર્ણય

આર્થિક તંગીનો સામનો કરી રહેલી કેન્દ્રની મોદી સરકારે કરકસરના પ્રારંભ કરતાં પ્રવાસો અને ભોજન જેવી આઈટમો પર થતા નિરંકુશ ખર્ચમાં ૨૦ ટકાનો કાપ મુકવાનો નિર્ણય લીધો છે. સુત્રોના જણાવ્યા મુજબ વડાપ્રધાનના નેતૃત્વમાં તાજેતરમાં મળેલી ઈન્વેસ્ટમેન્ટ અને ગ્રોથ પરની કેબિનેટ કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.કેબિનેટ કમિટીએ તમામ મંત્રાલયોને પ્રવાસ, ભોજન અને કોન્ફરન્સો પાછળ થતાં નિરર્થક ખર્ચમાં ૨૦ ટકાનો કાપ મુક્યો છે.કમિટીએ નાણાં મંત્રાલયના ખર્ચવિભાગને આ સંદર્ભમાં જરુરી પગલાં લેવાનો આદેશ આપી દીધો છે. પગલાંનું પાલન કરવા માટે કેબિનેટ કમિટીમાં કરાયેલી તમામ નોધ ગયા સપ્તાહમાં જ કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયોને મોકલી અપાઈ છે.સરકારના આ પગલાને ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષ દરમિયાન અંદાજપત્રીય ખાધ ૩.૩ ટકાની મર્યાદામાં નિયંત્રિત રાખવા અને બિનવિકાસકીય ખર્ચ ઘટાડીને અંદાજપત્રીય અંદાજોને ખોરવાઈ જતા અટકાવવાના પ્રયાસ તરીકે જોવાઈ રહ્યું છે. હાલના નાણાંકીય વર્ષમાં જીડીપી ગ્રોથ રેટ ૧૧ વર્ષની સૌથી નીચી સપાટી પાંચ ટકા રહેવાની સંભાવના હોવાથી અંદાજપત્રીય શિસ્ત જાળવી રાખવી ઘણી પડકારજનક છે.

## ઇન્ટરનેટ નાગરિકોનો મુળભુત બંધારણીય અધિકાર છે : નાગરિકોની કાયદેસરની અભિવ્યક્તિને દબાવી દેવા માટે ધારા ૧૪૪ને સરકારે સાધન બનાવી દેવી જોઇએ નહીં : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રને પ્રદેશમાં ઈન્ટરનેટ સેવાઓ પરના તમામ નિયંત્રણોની એક સપ્તાહમાં સમીક્ષા કરવાનો આદેશ આપ્યો છે.કેન્દ્ર સરકારે પાંચમી ઓગષ્ટથી ઈન્ટરનેટ અને મોબાઈલ સેવાઓ પર પ્રતિબંધ લાદ્યો હતો.જસ્ટીસ રામણ્ણાના નેતૃત્વ હેઠળની ૩ જજની બેન્ચે જણાવ્યુ હતું કે ઈન્ટરનેટ પર હંગામી પ્રતિબંધ અને નાગરિકોની મુળભુત આઝાદી છીનવી લેવાનો નિર્ણય પક્ષપાતી હોવો જોઈએ નહીં. ઈન્ટરનેટ પરનો પ્રતિબંધ ચોક્કસ સમયમર્યાદા માટે હોવો જોઈએ. તેની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે. અદાલતે જણાવ્યુ હતું કે ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની આઝાદી બંધારણના આર્ટીકલ ૧૯(૧) અંતગર્ત મુળભુત અધિકાર છે. આ જોગવાઈ ભારતના નાગરિકોને વાણી સ્વાતંત્ર અને ઈન્ટરનેટ દ્વારા વેપાર અને વાણિજ્યનો અધિકાર આપે છે. સુપ્રીમ કોર્ટે એમ પણ જણાવ્યુ હુતં કે સીઆરપીસીની ધારા ૧૪૪ અંતગર્ત પ્રતિબંધાત્મક આદેશોને નાગરિકોની કાયદેસરની અભિવ્યક્તિ દબાવી દેવાનું સાધન બનાવી શકાય નહીં. અદાલતે જમ્મુ-કાશ્મીર અને લદાખના કેન્દ્ર શાસિત પ્રદેશોને ધારા અંતગર્ત અપાયેલા તમામ આદેશ જાહેર કરવા જણાવ્યુ હતું જેથી અસરગ્રસ્ત વ્યક્તિઓ દ્વારા તેને પડકાર આપી શકાય.

જસ્ટીસ રામણ્ણાએ ચુકાદામાં જણાવ્યુ હતું કે ધારા ૧૪૪ અંતગર્ત પ્રતિબંધાત્મક આદેશો જારી કરતી વખતે મેજીસ્ટ્રેટોએ નાગરિકોની આઝાદી અને સુરક્ષા પર તોળાતા ભય વચ્ચે સંતુલન જાળવવું જોઈએ.કારણો વિનાના પ્રતિબંધાત્મક આદેશો નાગરિકોના મુળભુત અધિકારોનું ઉલ્લંઘન છે.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે અમે નાગરિકોની સ્વતંત્રતા અને સુરક્ષાને સબંધિત સંતુલન ચકાસવા માગીએ છીએ. અમે અહીં નાગરિકોને અપાયેલા અધિકારો સુનિશ્ચિત કરવા બેઠા છીએ. અમેર સરકાર દ્વારા જારી કરાયેલા આદેશો પાછળના રાજકીય



હેતુઓમાં પડવા માંગતા નથી.

પહેલી વાર સુપ્રીમે આર્ટિકલ ૧૯(૧) અંતગર્ત ઈન્ટરનેટને મુળભુથ અધિકાર ગણાવ્યો છે. અચોક્કસ મુદત માટે ઈન્ટરનેટ પર પ્રતિબંધ ગેરકાયદેસર, સરકાર પ્રતિબંધોની એક સપ્તાહમાં સમીક્ષા કરે.કોર્ટે સમીક્ષાના આદેશો આપ્યા હોવા છતાં સરકાર નવેસરથી ઈન્ટરનેટ પર પ્રતિબંધ લાદી શકે છે. ઈન્ટરનેટ પર હંગામી પ્રતિબંધ પણ પક્ષપાતી હોવો જોઈએ નહીં તેની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે.

નાગરિકોની અભિવ્યક્તિને દબાવી દેવા માટે ધારા ૧૪૪ને સરકારે સાધન બનાવી દેવી જોઈએ નહીં.ધારા ૧૪૪ અંતગર્ત તમામ પ્રતિબધાત્મક આદેશો સરકાર જાહેર કરે જેથી તેને કોર્ટમાં પડકારી શકાય.ધારા ૧૪૪ અંતગર્ત પ્રતિબંધાત્મક આદેશો જારી કરતી વકથે મેજીસ્ટ્રેટે નાગરિકોની સ્વતંત્રતા અને સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવું જોઈએ. ધારા ૧૪૪ને કટોકટી સર્જાય ત્યારે જ લાગુ કરવી જોઈએ.

## CAA વિરુધ્ધ ૬૦ અરજીઓ બંધારણીય યોગ્યતાને પડકારતી સુપ્રીમમાં પડતર

નાગરિકતા સુધારા કાયદાની બંધારણીય યોગ્યતાને પડકારતી ૬૦ જેટલી અરજીઓ સુપ્રીમ કોર્ટમાં હાલમાં પડતર છે. અરજીઓમાં દલીલ કરાઈ છે કે નાગરિકતા સુધારા કાયદો નાગરિકતાને ધાર્મિક ઓળખ સાથે સાંકળતો કાયદો નાગરિકતાને ધાર્મિક ઓળખ શાતે સાંકળતો કાયદો ભારતીય બંધારણના બિનસાંપ્રદાયિક ચારિત્રયનું ઉલ્લંઘન કરે છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં માંગ કરી હતી કે નાગરિકતા સુધારા કાયદાને પડકાર આપતી વિવિધ હાઈકોર્ટમાં કરાયેલી તમામ અરજીઓની સુનાવણી એકસાથે સુપ્રીમ કોર્ટમાં કરવામાં આવે.

સુપ્રીમ કોર્ટમાં વિવિધ અર્થોને ઉમેરીને નાગરિક સુધારા કાયદાની બંધારણીય યોગ્યતાને અનુમોદન મળે માટે સત્તાપક્ષના અને વિવિધ તેમના સંગઠનો દ્વારા અરજીઓ કરીને સુપ્રીમ કોર્ટને ગુંચવી નાખવાનો વિધિસર વિવિધ રીતે પ્રયોગ કરવામા આવી રહ્યો છે. જો એકાદમાં સફળ થઈ જવાય તો તેમનો ધારેલો એજન્ડા ફળીભુત થાય. જો કે દેશભરમાંથી આ બાબતે લોકો વિરોધ કરવા એકઠા અને એકત્રીત થઈને સરકારને પડકાર આપી રહ્યા છે.એડવોકેટ વિનિત ઢાડાએ તો એવી પણ માંગણી કરી દીધી છે કે સુપ્રીમ કોર્ટ એકટીવિસ્ટ,વિદ્યાર્થીઓ, અને મીડીયા હાઉસ સામે વિરોધ પ્રગટ કરવા માટે તેમના આંદોલન દેખાવો વિગેરે સામે પગલાં લે. સુપ્રીમ કોર્ટ પાસે સરમુખ્યતારશાહી દ્વારા લેવાતા નિર્ણયો લેવાય તેવી માંગ એક ભાજપના વકીલશ્રી કરી રહ્યા છે.જેથી સીજેઆઈનું કહેવું સાર્થક છે કે દેશ કટોકટીમાં છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશની સ્થિતિમાં અનુકુળતા જેવો શબ્દ ગાયબ થઇ રહ્યો છે. દેશના સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ બોબડેએ આ બાબતે પોતાનું મંતવ્ય વક્ત કર્યું.દેશ સંકટમાંથી પસાર થઇ રહ્યો છે તેવું તેમનું મુલ્યાંકન સત્તાધીશોના બહેરા કાને સંભળાય તે જરુરી છે. વિપક્ષો એકઠા મળી રહ્યા છે. તેમની એકતાને કારણે સરકારે નાગરિકતા સુધારણા કાયદા અંગે તાત્કાલિક વિચારણા કરવી જરુરી છે. દેશમાં આ મુદ્દે ઉકળતો ચરુ દેખાઈ રહ્યો છે. ભલે સત્તાધીશોના ભક્તોને આ દેખાતું ના હોય પરંતુ વડાપ્રધાન મોદીનો ગ્રાફ નીચે ઉતરી ગયો છે. તેથી હવે તેમની છબી પહેલા જેવી રહી નથી.કેટલાક મુદ્દાઓના કારણે દેશમાં પડેલી વિપરિત અસરો સુધારવાની જરુરીયાત હતી પરંતુ અહંમ અને અકડાઇને કારણે તે શક્ય બન્યું નથી.દેશ પ્રથમ સ્થાને હોવો જરુરી છે. પછી પોતાની મમત કે જીદ આવે. બુધ્ધિજીવીઓ,સાહિત્યકારો,લેખકો, ફિલ્મો સાથે સંકળાયેલા નાયક નાયિકાઓ,પ્રોડ્યુશરો કે અન્ય લોકો ધીમે ધીમે સરકારી બાબતોનો વિરોધ કરતાં થયા છે જે પરિસ્થિતિ અનુકુળ નથી તે બતાવે છે.કેટલાક નિવૃત સરકારી અધિકારીઓએ પત્ર લખીને પણ વડાપ્રધાનને જાણકારી આપી છે કે જે બાબતો સરકાર આગળ ધરીને ઉત્સાહપુર્વક કે ઝનુનપુર્વક કરી રહી છે તે દેશના હિતમાં નથી.પરંતુ હજુ સુધી સાચી પરિસ્થિતિનું નિર્માણ થયુ નથી.

## મંતવ્ય

દેશની આર્થિક સ્થિતિ નાજુક અવસ્થામાં છે. બેન્ક કર્મચારીઓ સરકારી બેન્કોના વિલિનિકરણનો વિરોધ કરી રહ્યા છે. આ ઉપરાંત દેશમાં આવશ્યક ચીજવસ્તુઓના ભાવ આસમાન પહોચ્યા છે. સરકાર ભાવોને અંકુશમાં લેવામાં સદંતર નિષ્ફળ ગઇ છે. ગરીબો અને મધ્યમવર્ગીઓ મોઘવારીના ચક્કરમાં પીસાઇ રહ્યા છે. આ એજ સરકાર છે જે ભુતકાળમાં ભાવ વધારાની સામે બુમો પાડતી હતી અને પોતે સત્તા પર આવશે તો ભાવ વધારો અને આવશ્યક ચીજ વસ્તુઓના ભાવો કાબુમાં લાવી દેશે તેવા સપના દેશના મતદારોને દેખાડીને ધોળે દિવસે તારા દેખાડયા હતા. વિકાસ ઠપ થઇ ગયો છે. બજારમાં નવી માંગનો અભાવ છે. બેકારીએ માઝા મુકી છે.નવી નોકરીઓનું સર્જન થતું નથી. ઉપરથી મોટા ઉદ્યોગો નોકરીઓમાંથી કર્મચારીઓને છુટા કરી રહ્યા છે. વિદેશી રોકાણોનો પ્રવાહ ધીમો પડ્યો છે. નિકાસો ઘટી રહી છે અને કરવેરાની આવકમાં સતત ઘટાડો થતો રહ્યો છે. પરિણામે સરકારને રિઝર્વ બેન્ક પાસે પડેલી અનામતો ઉપાડીને વાપરી નાંખી છે.છેલ્લા પાંચ વર્ષમાં સરકારની નીતિઓ નિષ્ફળ ગઇ છે. પરિણામે દેશ ભયંકર આર્થિક મંદીનો સામનો કરી રહ્યો છે.સરકાર પોતાની નિષ્ફળતા છુપાવવા માટે રોજ નવા હથકંડા અજમાવી રહ્યુ છે જે દેશની એકતા અને ધાર્મિક સમભાવને તોડી પાડી શકે છે.દેશની પ્રજા હવે સત્તાધીશોના તાયફા અને ખોટા ઉત્સવોથી પરેશાન છે.છેવટે સરકારને ભાન થયું છે કે પોતાના ખર્ચા પર કાબુ મેળવવો પડશે તેથી ૨૦ ટકાનો કાપ મુક્યો છે.પરંતુ દેશની મુશ્કેલીઓ ઓછી થશે તેમ લાગતું નથી.અચ્છે દિનનું સપનું પુરુ થયુ છે.

રમેશ પી. ગામીત


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# જીભને જીતવી એ બધી જ વસ્તુઓને જીતવા બરાબર છે

દરેક માણસને જુદી જુદી ચીજવસ્તુઓ ખાવાનો શોખ હોય છે.દરેકને જુદો જુદો સ્વાદ હોય છે. આ સ્વાદ જે છે તે જીભ સાથે સીધો સંકળાયેલો છે. આપણા શરીરના દરેક અવયવની પોતાની કામગીરી ઈશ્વરે નિર્મિત કરેલી છે.આંખનું કામ જોવાનું, નાકનું શ્વાસોચ્છવાસ કરવાનું અને મોઢાનું કામ ખાવાનું છે. દાંતનુ કામ ખોરાક ચાવવાનું છે અને જીભનું? જીભનુ મુળ કામ તો મોઢામાના ખોરાકને આઘોપાછો કરીને એમાં લાળ ભેળવવાનું હોય છે.જીભ એ સ્વાદની ઇન્દ્રીય છે.પણ માણસ જાતે જીભનો ઉપયોગ બોલવાની ક્રિયા સાથે જોડ્યો છે.સ્વાદની સાથે સાથે એ ભાષાના ઉચ્ચાર-વાણી માટે પણ વધારાની કામગીરી કરે છે.જીભ-સ્વાદ અને વાચા એમ બેવડી ભુમિકા ભજવે છે.જીભ માટે આપણી ભાષામાં અનેક રૂઢીપ્રયોગો કહેવાતા ઉખાણા મળે છે.પણ આપણે તો એની બોલવાની કર્મેન્દ્રીય તરીકે ન જોતા સ્વાદેન્દ્રીય તરીકે ઓળખવી જોઇએ તો સ્વાદ પારખવાની અને સ્વાદ ચાખવાની કામગીરી માત્ર જીભની જ છે.મોઢામાંથી ગળા નીચે ખોરાક ઉતરે ત્યારથી એના સ્વાદનો અનુભવ પુરો થાય છે.ખાટો-તીખો-તુરો-કડવો-આ બધા જ સ્વાદની પરખ જીભ દ્વારા જ થાય છે.દરેક વ્યક્તિને ખાવા માટે જુદા જુદા સ્વાદ પસંદ હોય છે.બધા જ સ્વાદ બધાને અનુકુળ હોતા નથી.આપણે જે વસ્તુ ચાખીએ છીએ તે રસનેન્દ્રીયથી જે અનુભવ થાયછે. એ સ્વાદ છે સ્વાદનો શોખ હોય, પણ પોતાની શરીરની જરુરીયાત પ્રમાણે જ એને લેવામાં આવે તો વાંધો નથી.સ્વાદ એક એવી બાબત છે,જેને એનો ચટકો લાગે તે એને છોડી શકતો નથી.ઘણી વખત માણસ આવી આંધળી સ્વાદભક્તિ મૃત્યુ સુધી પણ લઇ જતી હોય છે. સ્વાદને જીતવો સહેલી બાબત નથી. ગાંધીજીએ કહ્યું છે : જેણે સ્વાદને જીત્યો નથી એ વિષયને જીતી શકતો નથી, સ્વાદને જીતવો કઠીન છે,પણ એ વિજયની સાથે જ બીજો વિષય સંભવે છે.આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે : જેણે રસ જીત્યો તેણે જગતને જીત્યું , એ રીતે સ્વાદના જયનો મહિમા ગાવામાં આવ્યો છે.સ્વાદની શક્તિ અમાપ છે.દરેકને સ્વાદની જરુરીયાત અલગ અને ઓછી વત્તી હોય છે. જીભ ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ જેવા સ્વાદઅંકુરો રહેલા છે.એમાંથી નીચલી નાડીઓમાં શાખા જાય છે જેથી જીભ જુદા જુદા સ્વાદ કે રસો ચાખી શકે છે.

કેટલીક વસ્તુઓ આપણને અધિક સ્વાદિષ્ટ લાગતી હોય, એ ખાવામાં પ્રમાણભાન અતિ જરુરી છે.અકરાંતિયાની જેમ ખા ખા કરવાથી તે રોગને આમંત્રણ આપે છે. ભાવતી વસ્તુ વધારે ખાવી એના કરતાં તે ઓછી ખાઇને એનો સ્વાદ માણી શકાય છે.ભાવતી વાનગી પ્રત્યેનો વધારે પડતો ભાવ માણસને મૃત્યુનો માર્ગ ચીંધતો હોય છે.સ્વાદને માણવો એ એક અલગ પ્રક્રિયા છે.અને સ્વાદને પેટમાં મન ફાવે તેમ ભરવો તે બીજી બાબત છે.આપણે જાણીએ છીએ કે જે વસ્તુ પ્રત્યે આપણને વધારે આકર્ષણ હોય તે વધારેમાં વધારે દુઃખી કરે છે.આપણા શરીરને અનુકુળ ન હોય છતાંય આપણને એનો સ્વાદ દાઢે લાગ્યો હોય, તો પણ એનો ત્યાગ કરવો એમાં જ આપણું શ્રેય છે.ચીનમાં કહેવત છે : ઓછુ ખાવ-લાંબુ જીવો. આપણા શાસ્ત્રોમાં પણ એ જ વાત ઢોલ વગાડીને કહેવામાં આવી છે.આપણે આગળ કહ્યું એમ જીભને જીતો, જીભને બે રીતે જીતવાની હોય છે. એક તો એનો સ્વાદ અને બીજી એની વાણી. સ્વાદને જીતો તો નિરોગી રહેશો અને વાણી જીતશો તો સંસાર સાથે પ્રેમમય રહેશો.મહાત્મા ગાંધીએ કહ્યું છે : જીભને જીતવી એ બધી જ વસ્તુઓ જીતવા બરાબર છે.જીભ ધારે તો આ વિશ્વનો વિનાશ નોતરી શકે છે.જીભથી આપણો અંત આવી શકે,જીભનો સ્વાદ વિનાશને પણ બોલાવી શકે છે.જે જે વધારે સ્વાદિષ્ટ હોય તેને ઉત્તરોત્તર ખાવું જોઇએ. સ્વાદનો આનંદ લેવો જોઇએ. આપણું પેટ કોઇ ગટર નથી કે ગમે તે અંદર નાખી શકાય.જો એવું થાય તો એના પરિણામ કેવા આવે છે. એનો આપણને અનુભવ છે.

જે કંઇ ખાઇએ છીએ એનો સ્વાદ માત્ર ને માત્ર ભાષા દ્વાર જ થાય છે.જીભ જો સ્વાદ રહિત બની જાય તો આપણને કોઇપણ રસની કશી જ ખબર પડે નહી.જેટલા ખાદ્ય પદાર્થ છે એનો સ્વાદ જીભના આગળના ભાગ સાથે ક્ષણભરના સંયોગથી છે.ગળાની નીચે ઉતર્યો કે સ્વાદિષ્ટ અને સ્વાદહીન ભોજન બંને એક છે.મોઢામાંથી કોળીયો નીચે ઉતરતાંની સાથે જે એનો સ્વાદ આપણે માણી શકતા નથી.એક ક્ષણ માટેનો આનંદ આપણને કેવા કેવા રંગ બતાવતો હોય છે.આપણે જાણીએ છીએ કે જીવનમાં સંયમ મહત્વનો છે. જો આપણે આપણી જીભ ઉપર સંયમ રાખતા શીખી જઇએ તો કોઇપણ પ્રકારનો પ્રશ્ન રહેતો નથી.સ્વભાવ અને સ્વાદને કાબુમાં રાખતા શીખો.સારો સ્વાદ અને સારો સ્વભાવ માણસની ઉંચાઇ વધારે છે.સ્વાદનો સબંધ જીભની જેમ સ્વાસ્થ સાથે પણ છે.વધારે પડતા ચટકા વધારે રોગ નિમંત્રે છે.સ્વાદ પ્રત્યે રાગ હોવો ન જોઇએ.કોઇપણ વસ્તુ પ્રત્યેનો અતિરાગ જીવનને ડુબાડતો હોય છે.આપણે જીવવા માટે ખાવું જોઇએ.ખાવા માટે જીવવાની જરુર નથી.કેટલાક લોકો તો માત્ર ખાવા માટે જ જીવતા હોય એવા અનુભવ થાય છે.એવા લોકોને ઇશ્વર વહેલા બોલાવતો હોય છે.

સ્વામી રામતીર્થે કહ્યું છે : જગતના લોકો જેને મજા અથવા સ્વાદ કહે છે, તે પોતાની ઝેરીલી અસર કર્યા વિના કેવી રીતે રહી શકે ?જેને સ્વાદના ચટકા છે, એ ઝેર સમાન છે. આપણે જે ખાવાની વધારે ઇચ્છા હોય એનો યોગ્ય માત્રામાં જ ઉપયોગ થાય એ જરુરી છે.વધારે ખાઓ-સ્મશાને જાઓ,એવો ઘાટ થાય છે.

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

## જાણવા જેવું !

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેકી હતી.

પાત્રીસ વર્ષનો બોડી બિલ્ડર પ્રકાશ કોયડેએ ચાર વખત મિસ્ટર ઇન્ડીયાનું ખિતાબ જીતેલો તેના બાવડાનું માપ એકવીસ ઇંચ હતું.

હાલ,ભારતમાં સાઇઠ વર્ષથી વધારે ઉંમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે.

મુંબઇના ચર્ચ ગેટ સ્ટેશનથી દરરોજ ૯૫૬થી વધારે ટ્રેઇનો ઉપડે છે અને દરરોજ ૧૮ લાખ મુસાફરો મુસાફરી કરે છે.

ચંદીગઢમાં અગીયાર સ્થળોએ બ્લુરંગની ટપાલ પેટીઓ રાખવામાં આવી છે. આ પેટીઓમાં માત્ર પોલીસ વિશે ફરિયાદો નાખી શકાય તેવી સગવડ છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

## વસતી ગણતરીનું કામ ના કરનાર રાજ્ય સરકારના કર્મચારીને સજા કરી શકાશે : કાયદા હેઠળ કોઇપણ સ્ટાફ જવાબદારી લેવાનો ઇન્કાર કરી શકે નહીં

રાજ્ય સરકારના કર્મચારીઓ આ બંને કાયદાઓ હેઠળ સરકાર દ્વારા સોપવામાં આવનાર વસ્તી ગણતરીનું કામ કરવા બંધાયેલા છે. એનપીઆર માટે આંકડાઓ એકઠા કરતી વખતે મકાનોની યાદી તૈયાર કરવાની જવાબદારી નિભાવનાર કર્મચારીઓ તેમજ વસ્તી ગણતરી અધિકારીઓ બંનેને આ જોગવાઇ લાગુ પડશે.ભારતીય વસ્તી ગણતરી કાયદા મુજબ રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના સત્તાવાળાઓ દ્વારા તેમના વિસ્તારોમાં વસતી ગણતરી માટે અધિકારીઓની નિયક્તિ કરવાનું અનિવાર્ય છે.જેમાં મુખ્ય વસ્તી ગણતરી અધિકારી, જિલ્લા અને ઉપ જિલ્લા અધિકારી અને નિરિક્ષક તેમજ ન્યુમરેટરનો સમાવેશ થાય છે. આ કાયદાની કલમ ૧૧ મુજબ વસતી ગણતરીનું કામ કરવાનો ઈન્કાર કરનાર રાજ્ય સરકારના કર્મચારીને ૩ વર્ષની જેલ કે દંડ સાથે જેલની સજા થઇ શકે છે. સરકારે કર્મચારીઓ માટે વસ્તી ગણતરીનું કામ અનિવાર્ય બનાવ્યું છે.

દેશભરમાં ૨૦૨૧થી શરુ થનારી વસ્તી ગણતરીનું કામ કરવા ઈન્કાર કરનાર રાજ્ય સરકારના કર્મચારીને ૩ વર્ષની કેદની સજા કરવાની કાયદામાં જોગવાઈ કરેલી છે. આછી રાજ્ય સરકાર અને સ્થાનિક સંસ્થાઓના કર્મચારીઓ કે જેમને વસ્તી ગણતરી બોર્ડ અને રજીસ્ટ્રાર જનરલ ઓફ સિટીઝન રજીસ્ટ્રેશન માટે વસ્તી ગણતરી અને એનપીઆરની કામગીરીમાં મદદગારી કરવાની જવાબદારી સોપાઈ છે.તેઓ સેન્સસ ઓફ ઈન્ડીયા એક્ટ ૧૯૪૮ તેમજ સીટીઝનશીપ રુલ્સ ૨૦૦૩ હેઠળ કામ કરવાનો ઈન્કાર કરી શકે નહીં.

## દેશમાં દર વર્ષે ૫ લાખ માર્ગ અકસ્માતોમાં ૧.૫ લાખ લોકોના મોત નિપજે છે : ગડકરી

કેન્દ્રીય માર્ગ અકસ્માત પ્રધાન નીતિન ગડકરીએ એવું જણાવ્યુ હતું દેશમાં દર વર્ષે લગભગ ૫ લાખ અકસ્માતો સર્જાય છે. જેમાંથી લગભગ દોઢ લાખ લોકોના મોત થાય છે. માર્ગ સુરક્ષા સપ્તાહ કાર્યક્રમમાં બોલતાં તેમણે કહ્યુ હતું કે માર્ગ અકસ્માત એક ગંભીર મુદો છે.માર્ગ અકસ્માતમાં અઢીસોથી ત્રણ લાખ લોકો ઘાયલ થાય છે. માર્ગ અકસ્માતમાં ૬૨ ટકા મોત ૧૮ થી ૩૫ વર્ષના લોકોના થાય છે. માર્ગ અકસ્માતમાં ૧,૫૨,૭૮૦ લોકોના મોત નિપજ્યા હતા.જ્યારે ૪,૪૬,૫૧૮ લોકો ઘાયલ થયા હતા.પોતાના મંત્રાલયન નિષ્ફળતા સ્વીકારતા તેમણે કહ્યુ હતું કે માર્ગ પરિવહન મંત્રાલય અકસ્માતોનું પ્રમાણ ઘટાડી શક્યું નથી.

## રાજસ્થાનના કોટાની હોસ્પીટલમાં એક મહિનામાં ૧૦૪ નવજાતના મોત

વિકાસની વાતો કરનાર સરકારો આરોગ્યની કથળતી સ્થિતિ બાબતે જરા પણ ચિતિંત નથી. પહેલા યુપીમાં કેટલાક નવજાતના મોત નિપજ્યા હવે રાજસ્થાનમાં એક હોસ્પીટલમાં એક માસમાં ૧૦૪ નવજાતના મોત નિપજ્યા. નેતાઓ માત્ર રાજનીતી કરવામાં માને છે.પરંતુ આરોગ્યની કથળતી સ્થિતિ માટે કોઈ જવાબદારી લેતુ નથી. હોસ્પીટલો એમાંય સરકારી ની સ્થિતિ ખસ્તાહાલ છે.પ્રાઈવેટ હોસ્પીટલોમાં સારવાર ખુબજ મોંઘી છે અને સામાન્ય માણસોને પોષાય તેમ નથી.સરકારે આરોગ્ય અંગેની ઉભી કરેલી સુવિધાઓ ખરેખર દેશના નાગરિકોને મળતી નથી.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
**અમી સર્જીકલ**
૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧
**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

## ભારત બંધ : બેન્કીંગ સેવાઓ ઠપ્પ,૨૫ કરોડથી વધુ લોકો બંધમાં જોડાયા : બંગાળ-બિહારમાં વ્યાપક હિંસા



ભારત બંધ એલાનમાં દેશના ૧૦ જેટલા ટેડ્ર યુનિયનો જોડાયા હતા અને ભારત બંધમાં મિશ્ર પ્રતિસાદ દેખાયો હતો. જો કે બેન્કીંગ, કોલસા,ફુડ,ડિફેન્સ, પબ્લિક સેકટર, ટ્રાન્સપોર્ટ સહિતના ક્ષેત્રોમાં ટ્રેડ યુનિયનો દ્વારા હડતાલ પાડવામાં આવી હતી જેના કારણે સજ્ઞ બંધ રહ્યુ હતું. વિવિધ ક્ષેત્રોના ટ્રેડ યુનિયનો દ્વારા કર્મચારીઓની ૧૬ જેટલી પડતર માંગણીઓના મુદ્દે બંધનું આયોજન કરવામા ંઆવ્યુ હતું. પશ્ચિમ બંગાળ,બિહાર,આંધ્ર, કર્ણાટક, કાશ્મીર,ઓડિશા,પંજાબ સહિતના મોટાભાગના રાજ્યોમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.પશ્ચિમ બંગાળમાં કેટલાક વિસ્તારોમાં હિંસક ઘટનાઓ બની હતી. આ ઉપરાંત બિહાર,પંજાબ,આંધ્ર અને અન્ય સ્થળોએ લોકોએ રેલવે ટ્રેક ઉપર વિરોધ કરતાં અનેક ટ્રેનો મોડી પડી હતી.દેશવ્યાપી હડતાલમાં ૨૫ કરોડથી વધુ લોકો જોડાયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.હડતાલ અને ભારત બંધને પગલે બેન્કીંગ, ટ્રાફિક અને ટ્રાન્સપોર્ટ સહિતની અનેક સેવાઓ ખોટકાઈ હતી. બેન્કો બંધ રહેતા આર્થિક વ્યવહારો રોકાઈ ગયા હતા.

### પ.બં.નામુખ્યમંત્રી મમતા બેનરજી ભારત બંધના એલાન માં જોડાયા

ભારત બંધના એલાનમાં પશ્ચિમ બંગાળમાં બંધ સફળ રહ્યો હતો. કારણકે ત્યાના મુખ્યમંત્રી મમતા બેનરજી પણ બંધમાં રસ્તા પર ઉતર્યા હતા. પશ્ચિમ બંગાળમાં દેખાવકારોએ રેલવે ટ્રેક ઉપર ઘરણાં કરીને રેલ વ્યવહાર ખોરવી કાઢ્યો હતો. આ ઉપરાંત પ.બંગાળમાં છુટક હિંસક ઘટનાઓ બની હતી. મમતા બેનરજી એનડીએ સરકાર દ્વારા થોપિત સીએએ અને એનપીઆર વિરુધ્ધ દેખાવો કરી રહી છે.તેથી તેમના કાર્યકરો દ્વારા ભારે દેખાવો કરવામાં આવી રહ્યા છે. જેથી પ.બંગાળના ભાજપ એકમે આ બાબતે વિરોધમાં દેખાવો કરતાં સ્થાનિક કાર્યકરો વચ્ચે ઘર્ષણના બનાવો બન્યા હતા.માલદામાં દેખાવકારો દ્વારા પોલીસ પર બોમ્બ ફેકવામાં આવ્યા હતા.અને ગાડીઓને પણ આગ લગાડવામાં આવી હતી. પોલીસે પણ તોફાનીઓને કાબુમાં લેવા માટે બળ પ્રયોગ કરવો પડ્યો હતો.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**
આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.
**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## સીએએ માટેના નિયમો ઘડવા ગૃહમંત્રાલય રાજ્યોની સલાહ લેશે નહીં

કેન્દ્રીય ગૃહમંત્રાલય નાગરિકતા સુધારા કાયદા માટેના નિયમો ઘડવા રાજ્ય સરકારો તરફથી કોઈ ભલામણો માંગવામાં આવશે નહીં.સંસદમાં આ કાયદો પસાર થયા બાદ કેરલ,પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ,છત્તીસગઢ,રાજસ્થાન અને મહારાષ્ટ્રે સ્પષ્ટ કહ્યું છે કે તેઓ પોતાના રાજ્યમાં આ કાયદો લાગુ નહીં કરે.સંસદમાં કાયદો મંજુર થયા બાદ નિયમો ઘડવા એ સરકારના અધિકારક્ષેત્રમાં આવે છે.અરજદારે એ પુરવાર કરવાનુ છે કે તે ૨૦૧૪ ના ડિસેમ્બર પહેલાં ભારતમાં કઈ રીતે આવ્યો હતો.

દેશમાં એનઆરસી અને એનપીઆર ના મુદ્દે એક તરફ વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે,્ત્યારે બીજી તરફ દેશભરમાં અનેક વૃધ્ધો ૧૯૫૦ પહેલાં થયેલા જન્મના દાખલા લેવા માટે સરકારી ઓફીસોમાં લાઈનો લગાવી રહ્યા છે.આના કારણે સરકારી કર્મચારીઓની મુશ્કેલીઓ એકાએક વધી ગઈ છે.સરકાર પાસેથી કોઈપણ જાતનો દાખલો કઢાવવો અઘરી બાબત છે.પરેશાની તો રહેવાની જ

★ **નીલા ફાઇનાન્સ** ★
**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ઓન લાઇન ચીટીંગમાં ત્વરીત મદદ અને નિવારણની કાર્યવાહી માટે ગુજરાતથી નવતર અભિગમ ‘ આશ્વસ્ત પ્રોજેક્ટ‘

ઓન લાઈન ટ્રાન્ઝેકશન માં નોકરી,ઇનામ,લોન કે અન્ય લાલચ આપીને ફોન દ્વારા કે અન્ય માધ્યમથી સાયબર ક્રાઇમના બનાવો વધી રહ્યા છે ત્યારે આવા ગુનાઓ અટકાવવા માટેસાઈબર ક્રાઇમમાં આવા ગુનાઓ રોકવા માટે ૧૦૦ નંબર ડાયલ કરવાથી ત્વરિત મદદ મળી શકશે.જે રીતે ૧૦૦ નંબર ડાયલ કરવાથી પોલીસની તરત મદદ મળે છે તેમ ૧૦૦નંબર ડાયલ કરીને ત્વરીત મદદ અને સાયબર ગુના પર અંકુશનું નિવારણ શક્ય બન્યું છે.

જો કે સાયબર ક્રાઇમ માટે ત્વરિત મદદ માટે ૧૦૦ નંબર ડાયલ કરવાનો રહેશે. પણ નવનિર્મિત સાત જિલ્લા મોરબી,બોટાદ,મહીસાગર,દેવભુમિ દ્વારકા, છોટા ઉદેપુર,ગીર સોમનાથ,અને અરવલ્લીના રહીશોએ ૧૧૨ નંબર ડાયલ કરવાનો રહેશે.સાયબર ક્રાઇમ બ્રાંચના વડા રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યુ હતું કે ૧૦૦ અને ૧૧૨ નંબર પર મદદ મેળવવા આવનાર ફોન સંકલિત રીતે સાયબર કન્ટ્રોલ રુમમાં જ આવશે અને ઝડપી સંકલિત કાર્યવાહી કરાશે.

કોઇપણ નાગરિક આ પ્રકારના સાઈબર ક્રાઇમ નો ભોગ બનશે અને સમયસર ૧૦૦ નંબર પર ફોન કરશે તો તરતજ નિષ્ણાંત કર્મચારીઓ ભોગ બનનારને સામેથી ફોન કરી તેમની ફરિયાદ પર ત્વરીત કાર્યવાહી કરશે. સાયબર યુનીટની પોલીસ ટીમ પૈસા ફ્રીઝ કરાવશે તે પછી ભોગ બનનારને એસએમએસથી એક ટિકિટ નંબર આપશે. ભોગ બનનાર નજીકના પોલીસ સ્ટેશનમાં જઇ ટિકીટ નંબર બતાવી પૈસા પરત મેળવવાની કાર્યવાહી કરી શકશે. આ પ્રાજેકટમાં ગુજરાત પોલીસ સાથે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા જોડાઇ છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયા દ્વારા એન.સી.સી.આઇ,તમામ બેન્કોના નોડલ ઓફિસરો, ઇ-કોમર્સ કંપનીઓના નોડલ ઓફિસરોની મદદ લેવામાં આવી છે. આમ તમામ બેન્કોના નોડલ ઓફીસરો, ઇ-વોલેટ કંપનીના નોડલ ઓફિસરોના સાહયોગથી સાયબર આશ્વસ્ત પ્રોજેક્ટને વેગ મળ્યો છે.

આ પ્રોજેકટનુ લોકાપર્ણ ગૃહમંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ માટે ડીજીપી દ્વારા ૫૦ એસઆરપી જવાનો ફાળવ્યા છે. સાયબર ક્રાઇમના ટેકનીકલ અભ્યાસનું બેક ગ્રાઉન્ડ ધરાવતા એસઆરપી જવાનોનો ટેકનીકલ પુલ બનાવાયો છે. જે રાતદિવસ ૨૪ કલાક રાઉન્ડ ધ ક્લોક કાર્યરત રહે છે. આ પોલીસ કર્મીઓને સોફ્ટ સ્કીલ,બેન્કીંગ,નેટવર્કીંગ, સાઇબર ક્રાઇમ જેવા વિષયો પર તજજ્ઞો દ્વારા ખાસ તાલિમ અપાઇ છે. અમદાવાદ સાયબર સેલમાં સાયબર યુનિટમાં એક પોલીસ ઇન્સપેક્ટર અને ૭ ટેકનીકલ પીએસઆઇ તેમની ૫૦ સાઇબર જવાનોની ટીમ થકી આશ્વસ્ત પ્રોજેકટનું સંચાલન કરી રહ્યા છે.અમદાવાદ સાયબર સેલ દ્વારા છેલ્લા ૨ વર્ષમાં સાયબર ક્રાઇમનો ભોગ બનનાર નાગરિકોની આશરે બે કરોડ જેટલી રકમ બચાવવામાં આવી છે.

# ભારતીય ક્રિકેટ બોર્ડનો સૌથી પ્રતિષ્ઠિત પોલી ઉમરીગર એવોર્ડ જસપ્રીત બુમરાહ




ગુજરાતની રણજીના ઝડપી બોલર અને ભારતીય ક્રિકેટ ટીમના સભ્ય એવા જસપ્રીત બુમરાહને ભારતીય ક્રિકેટ બોર્ડનો સૌથી પ્રતિષ્ઠિત પોલી ઉમરીગર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.આ એવોર્ડની સાથે તેને ટ્રોફી, સર્ટીફિકેટ અને રુપીયા ૧૫ લાખનો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

ટેસ્ટ ક્રિકેટમાં આ વર્ષે સૌથી વધુ વિકેટ લેવા બદલ બુમરાહને દિલીપ સરદેસાઈ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કે. શ્રીકાંત અને અંજુમ ચોપરાને લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ અને દિલીપ દોશી સ્પેશીયલ એવોર્ડ એનાયત કરાયો હતો.

બુમરાહે આઇસીસીના ટેસ્ટ,વનડે અને ટી-૨૦ ક્રમાંકમાં મોખરના દસ ખેલાડીઓમાં સ્થાન હાંસલ કર્યુ હતું. આ વર્ષે ભારતીય ટીમમાં સ્થાન હાંસલ કરીને બેવડી સદી નોધાવનાર મયંક અગ્રવાલને ઇન્ટરનેશનલ ડેબ્યુ માટે એવોર્ડ મળ્યો હતો.ટેસ્ટ ક્રિકેટમાં આ વર્ષે સૌથી વધુ રન નોધવવા માટે ચેતેશ્વર પુજારાને એવોર્ડ મળ્યો હતો.

# વિશ્વમાં પાવરફુલ પાસપોર્ટના ઇન્ડેક્સમાં ભારત ૮૪માં ક્રમે

વિશ્વના સૌથી મજબુત પાસપોર્ટની યાદીમાં ભારતીય પાસપોર્ટ બે ક્રમ પાછળ ખસીને ૮૪માં ક્રમે પહોચી ગયો છે.ભારતીય પાસપોર્ટ ધારકને દુનિયાના ૫૮ દેશોમાં વિઝા વિના પ્રવેશ મળી શકે છે. એક નવા રિપોર્ટમાં આ જાણકારી અપાઇ છે. મોસ્ટ પાવરફુલ પાસપોર્ટની યાદીમાં જાપાન પહેલા ક્રમે છે. જ્યારે પાકિસ્તાન સૌથી નબળા પાસપોર્ટની યાદીમાં ચોથા ક્રમે છે. ઇન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસીએશનના આંકડા મુજબ હેનલે એન્ડ પાર્ટનર્સે પાસપોર્ટ ઇન્ડેક્ષ બહાર પાડ્યો છે. જેમાં દેશોની રેન્કીંગ એ આધારે અપાઇ છે કે પાસપોર્ટ ધારકને વિઝા વિના કેટલા દેશોમાં પ્રવેશ મળી શકે છે.

ભારતીય પાસપોર્ટ ધારક વિના વિઝા આ દેશોમાં ફરી શકે છે. જેમાં ભુટાન,કંબોડિયા,ઇન્ડોનેશીયા, મકાઉ, માલદીવ, મ્યાનમાર,નેપાળ, શ્રીલંકા, થાઇલેન્ડ,કેન્યા,મોરીશિયસ,સેશેલ્સ,ઝીમ્બાવે,યુગાન્ડા,ઇરાન તથા કતાર સહિત ૫૮ દેશોમાં વિઝા વિના પ્રવાસ કરી શકે છે. જો કે કેટલાક દેશો વિઝા ઓન એરાઇવલની જરુર પડી શકે છે.

દુનિયાના ૧૦ મોસ્ટ પાવરફુલ પાસપોર્ટની યાદીમાં જે દેશોના નામ આવે છે તેમા સહુ પ્રથમ જાપાન,૨. સિંગાપોર, ૩.જર્મની, દક્ષિણ કોરીયા ૪.ફિનલેન્ડ, ઇટાલી ૫.ડેન્માર્ક, લક્ઝમબર્ગ, સ્પેન ૬.ફ્રાંસ, સ્વીડન, ૭.ઓસ્ટ્રીયા, આર્યલેન્ડ, નેધરલેન્ડ, પોર્ટુગલ, સ્વીટ્ઝલેન્ડ ૮.બેલ્જીયમ, ગ્રીસ, નોર્વે, બ્રિટન, યુ.એસ ૯.ઓસ્ટ્રેલીયા,કેનેડા, ચેક રિપબ્લીક, માલ્ટા, ન્યુઝીલેન્ડ અને ૧૦માં ક્રમે હંગેરી,,લુથુઆનિયા, સ્લોવાકીયા.

## જાણવા જેવું !

ભારતનું સૌ પ્રથમ મહીલા પોલીસ સ્ટેશન કેરળના કાલિકટમાં શરુ કરવામાં આવ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઇન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઇ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વિશ્વમાં સાપ કરડવાને કારણે મૃત્યુ પામતી વ્યક્તિોની સરખામણીમાં મધમાખીના દંશને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધુ છે.

વિશ્વમાં જાઇન નદી એકમાત્ર નદી છે જ્યાં માછલીઓ જોવા મળતી નથી

જીરાફની જીભ ૨૧ ઇંચ લાબી હોય છે.


## કાર ભાડે મળશે



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૮૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.